ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ગિરીશચંદ્ર તારાચંદ ઝાટકીયા
ડિરેક્ટર, ગાંધીનગર અર્બન બેન્ક, ઉપપ્રમુખ, શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, ગાંધીનગર
મો. ૯૦૯૯૦ ૭૩૪૪૪



ખુશી હેમાંગભાઈ ગાંધી
મો. ૯૩૭૭૭ ૨૩૧૬૪



રાજ શરદભાઈ કંસારા
મો. ૯૯૨૫૭ ૦૮૪૬૬



નમન એ ભટ્ટ



ધૃરાજસિંહ બહાદુરસિંહ ગોહિલ
મો. ૮૪૯૦૮ ૮૯૧૨૩

# શાહપુરમાં જીવન કૌશલ્ય આધારિત બાળમેળો યોજાયો







ગાંધીનગર, તા. ૧૬
આદર્શ પ્રાથમિક શાળા, શાહપુર ખાતે ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો દ્વારા તેમનાં દૈનિક જીવનમાં ઉપયોગી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી.

આઠ વિભાગોમાં આ બાળમેળાની પ્રવૃત્તિઓ વહેંચાયેલી હતી : સર્જનાત્મકતા શીખીએ, સ્વજાગૃતિ, સ્વચ્છતા, સુશોભન, હળવાશની પળોમાં, પર્યાવરણને જાણો અને માણો, વાચન-લેખન અને અવલોકન, બાળગીત, બાળ રમતો તથા પ્રવૃત્તિઓ. આ ઉપરાંત શાળાની બાળાઓ દ્વારા બાજરીના રોટલા ઘડવાની પ્રવૃત્તિ પણ હાથ ધરવામાં આવી હતી.

પડીકાં વાળવાં, કૂકર ફિટીંગ, શાક સમારવાની પધ્ધતિઓ, બાળ પ્રવૃત્તિનું પ્રદર્શન, સાયકલનું પંચર, તોલમાપ કાંટાનો ઉપયોગ, ટ્રાફિક સિગ્નલ, અંધશ્રદ્ધા દૂર કરતા પ્રયોગો, ફૂલદાની, ઝુમ્મર, વેસ્ટમાંથી બેસ્ટ, બૅન્કની કામગીરી વગેરે જેવી જીવન કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓનું સુપેરે નિદર્શન વિદ્યાર્થીઓએ કર્યું હતું. આ બાળમેળામાં ગાંધીનગર તાલુકાના ૧૫ સીઆરસીમાંથી ૧૦૦ જેટલા શિક્ષકો, આચાર્ય અને સીઆરસી કો-ઑર્ડિનેટર ઉપસ્થિત રહ્યા હતા. શાળા ખાતે બાળમેળાનું નિદર્શન તથા ઉપસ્થિત શિક્ષકો માટે તાલીમનું આયોજન પણ હાથ ધરવામાં આવ્યું હતું. શિક્ષણ અને તાલીમ ભવનના લૅક્ચરર સી સી પટેલ તથા રાજેન્દ્ર રાવલના માર્ગદર્શન હેઠળ તાલુકાના ૧૦૦ જેટલા શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિ દ્વારા ઉપસ્થિત તમામ શિક્ષકોને પોતાની શાળામાં આ પ્રકારે બાળમેળો યોજવા માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## શ્રી સરસ્વતી વિદ્યાલય પરિસર દ્વારા 'બૉર્ડથી પહેલાં બૉર્ડ'ની પરીક્ષા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૬
શ્રી સરસ્વતી વિદ્યાલય કૅમ્પસ, સૅક્ટર-૩ બી દ્વારા 'બૉર્ડ સે પહેલે બૉર્ડ' નામક કાર્યક્રમ અંતર્ગત બૉર્ડની પરીક્ષાનો માહોલ ઊભો કરી વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવી હતી, જેને ખૂબ સારો પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો.

પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓ માટે રિસિપ્ટ તૈયાર કરવી, પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓનું ગુલાબ-સાકર-કુમકુમ તિલકથી સ્વાગત, બૉર્ડ પરીક્ષાની માફક જ બૉઠક વ્યવસ્થા, ઓઍમઆર શીટ, બારકોડ સ્ટીકર્સ, સીસીટીવી કૅમેરા, બબ્બે પરીક્ષકની નજર હેઠળ પરીક્ષા, પરીક્ષાર્થીઓ માટે પાણી - આ બધી જ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી અને અદલ બૉર્ડની પરીક્ષા જેવો માહોલ ગોઠવવામાં આવ્યો હતો.

હેતુ માત્ર એટલો જ હતો કે બૉર્ડની પરીક્ષા પહેલાં જ એ પરીક્ષાથી વિદ્યાર્થીઓ કેળવાઈ જાય અને બૉર્ડની પરીક્ષા ટાણે તેમને આ વાતાવરણ નવું નહીં, પરંતુ અનુકૂળ લાગે અને માનસિક તાણ વિના સરળતાથી તેઓ પરીક્ષા આપી શકે.

વિદ્યાર્થીઓ, વાલીઓએ આ પ્રયોગમાં ઉમળકાભેર સહયોગ આપ્યો અને વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ રીતે પરીક્ષા પણ આપી. હવે એમની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન પણ તજજ્ઞો પાસે કરાવાશે અને પરિણામોની ઘોષણા કરી અગ્રસ્થાને રહેનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો અર્પણ કરવામાં આવશે.

## આરાધના વિદ્યાવિહાર દ્વારા સ્પૉર્ટ્સ ડેનું આયોજન



ગાંધીનગર, તા. ૧૬
આરાધના પ્રાઈમરી સ્કૂલ, અંગ્રેજી માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓ માટે સ્પૉર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

લોટમાંથી પૈસા શોધવા, ફુગ્ગા ફોડવા, લીંબુ ચમચી, દોરડા કૂદ, સંગીત ખુરશી, કોથળા દોડ, આંધળાનો ગોળીબાર, રસ્સા ખેંચ, ત્રિપગી દોડ વગેરે રમતોનું આયોજન આ સ્પૉર્ટ્સ ડે અંતર્ગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં આ રમતોમાં ભાગ લઈ પોતાના ખેલ કૌશલનું પ્રદર્શન કર્યું હતું. વિવિધ રમતોમાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનારા વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મૅનેજિંગ ટ્રસ્ટી, આચાર્યા નીતાબેન પાઠક તથા શાળાના શૈક્ષણિક સ્ટાફે સહયોગ આપ્યો હતો.

## ઍસ જી પ્રાયમરી સ્કૂલના ખેલાડીઓ રાજ્યકક્ષાએ પસંદગી પામ્યા

ગાંધીનગર, તા. ૧૬
ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં કુલ બે હજાર ખેલાડીઓની નોંધણી થઈ હતી, જે પૈકી ઍસ જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના ૪૮૭ વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં જોડાયા હતા. આ પૈકી ૬૨ ખેલાડીઓએ પોતાની પસંદગી રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધા માટે નિશ્ચિત કરી છે.

અન્ડર-૧૩, અન્ડર-૧૬ વિભાગમાં તાજેતરમાં આ ખેલાડીઓએ કબડ્ડી, ખો-ખો, લૉન ટૅનિસ, બૅડમિન્ટન, ઍથલેટિક્સ, ટેક્વોન ડો, હૅન્ડબૉલ વગેરે સ્પર્ધાઓમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ વિજેતાક્રમ હાંસલ કર્યો હતો અને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની ઉમેદવારી મેળવી હતી.

આ વિજેતા ખેલાડીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવી આગામી સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ફિતૂર
૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
સનમ રે
૩.૦૦
ડેડપોલ (અંગ્રેજી-એ)
૧૨.૩૦, ૭.૪૫
ડેડપોલ (હિન્દી-એ)
૫.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
સનમ રે
૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧.૦૦, ૯.૪૫
પોલમ્પોલ (ગુજ.)
૪.૦૦
ઍરલિફ્ટ
૭.૧૫

**સ્ક્રીન-૫**
ફિતૂર
૧૦.૦૦, ૫.૧૫
સનમ રે
૧૨.૩૦, ૭.૪૫, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૨.૪૫

## ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા દુષ્યંત રાવલને પીઍચડીની પદવી

દેશના ગ્રામીણ ક્ષેત્રના વિકાસમાં તેમજ વિશેષતઃ કૃષિ ક્ષેત્રના વિકાસમાં સહકારી ધિરાણ સંસ્થાઓ દ્વારા આપવામાં આવતાં ધિરાણની હંમેશા મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. ભારતમાં વર્ષ ૧૯૦૪માં વિધિવત પ્રારંભ થયેલ સહકારી પ્રવૃત્તિ તેના અસ્તિત્વના ગૌરવવંતા ૧૧૧ વર્ષ પૂર્ણ કરી ચૂકી છે. હાલમાં બૅન્કીંગ, ડેરી, સુગર, હાઉસાંગ, કન્ઝ્યુમર, એગ્રી માર્કેટીંગ, ફિશરીઝ, હેન્ડલૂમ તેમજ લઘુ ઉદ્યોગ જેવાં અનેકવિધ ક્ષેત્રોમાં સહકારી પ્રવૃત્તિનો વ્યાપક અને અસરકારક પ્રસાર થયેલો જોવા મળે છે કે જે દ્વારા તેઓ રાષ્ટ્રની આર્થિક અને સામાજિક કાયાપલટ કરવામાં મહત્ત્વનું યોગદાન આપે છે.

વાણિજ્ય બૅન્કોના રાષ્ટ્રીયકરણ તેમજ અન્ય ખાનગી બૅન્કોના આગમન બાદ સ્વાભાવિક રીતે જ ગ્રામીણ અને કૃષિ ક્ષેત્રનાં ધિરાણોમાં સહકારી ધિરાણોનો હિસ્સો ઘટ્યો છે. પરંતુ સાથોસાથ એક મહત્ત્વપૂર્ણ તથ્ય એ પણ ઉજાગર થયું છે કે રાષ્ટ્રીયકૃત તથા ખાનગી બૅન્કો સાથેની તીવ્ર સ્પર્ધા છતાં સહકારી બૅન્કોના લાભાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. તેનો સ્પષ્ટ અર્થ એ થાય કે ગ્રામીણ અને કૃષિ ક્ષેત્રના વિકાસમાં અને વિશેષતઃ નાના અને સીમાંત ખેડૂતો, ભૂમિહિન મજૂરો, અન્ય ખેત મજૂરો, ગ્રામીણ કારીગરો તેમજ નાના ધંધા, ઉદ્યોગ, રોજગાર ક્ષેત્રે સહકારી બૅન્કોનું પ્રભુત્વ હજુ અકબંધ છે.

આ પરિપ્રેક્ષમાં પ્રવર્તમાન તથ્યોને ઉજાગર કરી સહકારી ઋણની અસરકારકતા તથા ઉપયોગિતાનું ગહન અધ્યયન કરવાનું ઉચિત જણાતાં બૅન્ક ઑફ ઈન્ડિયાના પૂર્વ ચીફ ઑફિસર અને અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બૅન્કના પૂર્વ ચીફ ઍક્ઝીક્યુટીવ ઑફિસર, ગાંધીનગરના દુષ્યંત રાવલ દ્વારા 'રોલ ઑફ કો-ઑપરેટીવ ક્રેડિટ ઈન રૂરલ ડૅવલપમૅન્ટ વિથ સ્પેશિયલ રેફરન્સ ટુ ઍગ્રીકલ્ચરલ ડૅવલપમૅન્ટ' વિષય પર એક વિશેષ સંશોધનકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.



ગાંધીનગરની રાષ્ટ્રીય કક્ષાની સહકારી તાલીમ સંસ્થા નૅશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ કો-ઓપરેટિવ મૅનેજમૅન્ટના ડિરેક્ટર ડૉ. ઍસ ઓ જુનારેના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલા આ મહાશોધ નિબંધને સ્વીકાર્ય ગણી ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા દુષ્યંત રાવલને વિદ્યાવાચસ્પતિ-પીઍચડીની ડિગ્રી ઍનાયત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે અભ્યાસના હેતુની યથાર્થતા જળવાઈ રહે તે માટે રાજ્યની ૧૮ અને જિલ્લા સહકારી બૅન્કોમાંથી બે સક્ષમ, બે મધ્યમ અને બે નબળી કામગીરીવાળી એમ ૬ બૅન્કો મળી કુલ ૩૩ બૅન્કો ઉપરાંત ગુજરાત રાજ્ય સહકારી બૅન્ક તેમજ લાંબા ગાળાનાં કૃષિ ધિરાણ કરતી ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બૅન્ક (ખેતી બૅન્ક)ની નમૂનાની બૅન્કો તરીકે પસંદગી કરવામાં આવી હતી.

ઉપરાંત, રાજ્યના સમગ્ર ભૌગોલિક વિસ્તારનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે રીતે સાત જિલ્લાઓની આશરે ૪૦૦ કરતાં પણ વધારે સહકારી કૃષિ ધિરાણ મંડળીઓના પાછલા વર્ષોના મહત્ત્વપૂર્ણ આર્થિક માપદંડોને લક્ષમાં લેવામાં આવ્યા હતા. આ નિબંધ માટે ૧૦૦૦થી પણ વધુ લોકોનો વ્યક્તિગત સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેમના અભિપ્રાયો, સૂચનો મેળવવામાં આવ્યાં હતાં. પાંચ વર્ષની સતત જહેમત બાદ તૈયાર થયેલો આ શોધ નિબંધ યોગ્યતાની તમામ કસોટીઓમાં સફળ રહ્યો હતો.


# લગ્ન કંકોતરીઓનો અનોખો સંગ્રહ

નરોડા ખાતે રહેતા પત્રકાર હેતલકુમાર મોહનલાલ જયસ્વાલ પાસે લગ્નની કંકોતરીનો મસમોટો સંગ્રહ છે, આ સંગ્રહનો આરંભ તેમણે ૨૦૦૧થી કર્યો છે. આ લગ્નની કંકોતરી એ જીવનનો અમૂલ્ય દસ્તાવેજ છે, જે ઘણી બાબતોની માહિતી પણ આપે છે. ૨૦૦૧ના સમયમાં જે લગ્નો થતાં તેમાં કુટુંબ ભાવના, લગ્નમાં ઉત્સાહ, ફળિયું, મહોલ્લો, તમામ લોકો ઉત્સાહથી તેની તૈયારી કરતા હતા. લગ્નની કંકોતરી તરફ નજર કરીએ તો કંકોતરીમાં કુટુંબના તમામ સભ્યોનાં નામ લખવામાં આવતા હતા. લગ્નના આગલા દિવસે ગણેશ સ્થાપના, મંડપ મુહૂર્ત, ગ્રહશાંતિ આ તમામ વિધિ કરવામાં આવતી હતી. જેના ઘરે લગ્ન હોય તેને ત્યાં અઠવાડિયા અગાઉ સગાવ્હાલા આવીને ઉતારો કરતા ને તમામ કામકાજમાં મદદરૂપ થતા. છોકરા, છોકરીને પીઠી ત્રણ દિવસ અગાઉ લગાવવામાં આવતી. લગ્નની તમામ વિધિ ગામમાં રહેલ કુમાર શાળાના આંગણે રાખવામાં આવતી હતી. તે સમયે જે સગવડો પ્રાપ્ત થતી તેના દ્વારા અતિ ઉત્સાહથી લગ્ન થતા. લગ્નની વિધિ ગોર મહારાજ ત્રણ કલાક ચલાવતા. તમામ મંત્રો બોલતા ને માનવ મહેરામણ લગ્ન પુરા થાય ત્યાં સુધી રોકાતો. આ સમય દરમ્યાન લગ્નના ખર્ચ ઓછા થતા હતા. માણસોનો એકબીજા પ્રત્યેનો આદર ભાવ જોવા મળતો હતો.



૨૦૦૧માં લગ્નની કંકોતરી સાદી જોવા મળતી જેમાં લખેલ નામ વાંચતા આપણે થાક લાગે તેટલાં નામ જોવા મળતા. આ સમયના લગ્નોમાં ભોજન સમારંભમાં લિમિટેડ વસ્તુઓ જોવા મળતી જેથી અનાજનો બગાડ ઓછો થતો હતો. જમવાનું વધે તો તેનો રાત્રે ઉપયોગ કરવામાં આવતો હતો.

૨૦૦૧માં લગ્નો જાન્યુઆરી માસમાં વધારે થતા હતા. આ સમયે શિયાળો ચાલતો હોવાથી અન્ય ખર્ચ ઓછા થતા હતા.




આ સમયે લગ્ન કંકોતરીનું પ્રિન્ટીંગ સાદું, સરળ, સુંદર જોવા મળતું હતું.

૨૦૦૧ના સમયગાળા દરમ્યાન દિકરાનું લગ્ન હોય તો જાન માટે એસટી બસનો ઉપયોગ વધુ કરવામાં આવતો હતો.

૨૦૦૧માં ઘર આંગણે ગામનો ઢોલ વગાડાતો જેથી આજુબાજુ રહેતા બાળકો જોવા આવતા ને મહોલ્લાના બહેનો ભેગા મળીને સુંદર લગ્ન ગીતો ગાતા.

આ સમય દરમ્યાન ચાંલ્લા પ્રથા પર નજર કરીએ તો રૂા. ૩૧, ૧૧, ૨૧, ૫૧નો ચાંદલો હતો.

૨૦૦૨માં લગ્નની પ્રથામાં ગ્રહ શાંતિના દિવસે રાત્રે રાસ-ગરબા ઢોલ ઉપર રમાડવામાં આવતા જેમાં સ્ત્રીઓ ઉત્સાહભેર ભાગ લેતી હતી. આ સમય દરમ્યાન લગ્નગ્રંથિથી જોડાનાર દંપતિ પોતાના જીવન દરમ્યાન ગમે તેટલું દુખ પડે તો પણ એકબીજાને હૂંફ, પ્રેમ આપતા જોવા મળતા હતા. લગ્નના ભપકા ઓછા ને લગ્નો ટકાઉ રહેતા હતા.

૨૦૦૪ પછીના લગ્નોમાં થોડીક વિવિધતા આવતી ગઈ જે લગ્ન ઘરેથી થતા હતા તે હવે વાડીમાંથી થવા લાગ્યા જેથી સગાવ્હાલા ધીરે ધીરે ઘરે આવવાની જગ્યાએ લગ્નની વાડીએ આવતા થયા. જ્યારે લગ્ન પતે એટલે વાડીમાંથી પોતાના ઘર તરફ પ્રયાણ કરતા થયા.

૨૦૦૪ પછી લગ્નની કંકોતરીમાં સગાવ્હાલા લખવામાં આવતા નામમાં કાપ આવતો ગયો. મર્યાદિત નામ લખાતા થયા. કંકોતરીનો ભપકો વધ્યો પરંતુ માણસનાં હૃદય ટૂંકા થતા ગયા. આ સમય દરમ્યાન લગ્નનો પ્રસંગ ઘરે ન કરતાં વાડી તરફ પ્રયાણ થતું ગયું.

સમયનું ચક્ર પોતાની ગતિએ ચાલ્યા કરે છે, તેમાં કોઈ પરિવર્તન આવ્યું નથી. પરંતુ, માણસની ભાવના ઓછી થવાને કારણે લગ્ન સંબંધો લાંબા ટકાઉ ન રહેતાં છૂટાછેડાના કેસો વધતા ગયા. જેથી લગ્ન કરવાવાળા ઉમેદવારોની સાથે છૂટાછેડાવાળા ઉમેદવારોની સંખ્યામાં પણ વધારો થતો ગયો.

સમયની રફતાર પ્રમાણે લગ્નમાં સાદગી દૂર થતી ગઈ ને ભપકા વધતા ગયા. હાલના લગ્નોમાં માત્ર જમણવારનો સમય જોવામાં આવે છે. જમણવાર પતાવી, વહેવાર કરીને રવાના થઈ જવાય છે. જ્યારે લગ્નની વિધિ ચાલતી હોય ત્યારે માત્ર ૩૦થી ૪૦ વ્યક્તિઓ નજરે પડતા હોય છે.

લગ્ન ગ્રંથિથી જોડાનાર દંપતિ ઉપર મોટી જવાબદારી આવે છે. તેમને લગ્ન ટકાવી, સુખ-દુઃખના ભાગીદાર થઈને ભવિષ્યનું પેઢીનું નિર્માણ કરવાનું હોય છે. ૨૧થી ૨૫ વર્ષ દરમ્યાન લગ્ન થઈ જતા જેથી સંયુક્ત પરિવારમાં આવનાર સંતાન દાદા-દાદીના સાંનિધ્યમાં ઉછરવા લાગતું હતું. પરંતુ અત્યારે તો ભાઈ ૩૦ વર્ષ સુધી પસંદગીમાં જ સમય પસાર કરે ને તેમાંય વિભક્ત કુટુંબની ભાવના જેથી સમાજના લોકો જોડાવા કરતા તોડાવવા વધુ જોવા મળતા હોય છે. અત્યારના સમય પ્રમાણે જે રીતે તમામ રીતી-રિવાજોમાં પરિવર્તન જોવા મળે છે તે જોતાં આગામી સમયમાં લગ્નના ખોટા ખર્ચા કદાચ બંધ થાય અને માનવ સાદગી તરફ વળતો જોવા મળે તો નવાઈ નહીં. અત્યારે જે રીતે લગ્ન સમારંભોમાં ખોટા ખર્ચા, અનાજનો બગાડ ભવિષ્યમાં માનવજાતને નુકસાનકર્તા સાબિત થશે.

પહેલાં એવું કહેવાતું કે જીવનમાં લગ્ન એકવાર થાય છે, પરંતુ હવેના સમયમાં એવો કોઈ ભરોસો રહ્યો નથી. અને હા, લગ્નમાં લાખોનો ખર્ચ કરતો માનવી પોતાના લગ્નની કંકોતરી સાચવવાનું ભૂલી જાય એવુંય બને.

